# જાહેરનામું

---

<u>પોલીસ કમિશ્નર વડોદરા શહેરના હુકમ ક્રમાક જી/સીપી/ડીસીપી-ટ્રાફિક/જાવક/ભારદારી વાહન રીવાઈઝ/ આખરી જાહેરનામું/૧૪૨૪/૨૦૧૯ તા.૨૭/૦૩/૨૦૧૯</u>

હું. અનુપમસિંઘ ગહલૌત (IPS) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, વડોદરા નાઓને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ ની સત્તા અન્વયે વડોદરા શહેરમાં નીચે જણાવ્યા મુજબની વિગતેના વાહનોને પ્રવેશ બંધી ફરમાવવા અને માર્ગ અકસ્માતો બનતા નિવારવા તેમજ ટ્રાફિક સરળતાથી ચાલે તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

<u>હુકમ:-</u>

વડોદરા શહેરમાં વધતા જતા પ્રદુષણને અટકાવવા અને માર્ગ અકસ્માતને નિયંત્રીત કરવા અંગે નામદાર સુપ્રિમ કોર્ટને આપવામાં આવેલ બાંયધરી અનુસંધાને વડોદરા શહેરમાં ભારવાહક વાહનની અવર જવર ઉપર પ્રતિબંધ લાદવો જરૂરી છે. જેથી લાઈટ મોટર વ્હીકલ ( હલકું મોટર વાહન) એટલે કે, ટ્રાન્સપોર્ટ વાહન કે જેનુ કુલ વજન (Gross Vehicle Weight ) ૭૫૦૦ કિ.ગ્રા સુધીનું થતું હોય (આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ બુકમાં જણાવેલ હોય છે) તેવા તમામ લાઈટ ગુડ્ઝ વ્હીકલ ( LGV પ્રકારના વાહનો) તથા તમામ લાઈટ પેસેન્જર વ્હીકલ (LPV પ્રકારના વાહનો) શહેરની અંદર પ્રવેશ કરી શકશે. તે સિવાયના ગુડ્ઝ વ્હીકલ/ પેસેન્જર વ્હીકલ જેવા કે ટ્રક,ટેન્કર,ટ્રેલર,વિગેરે તથા છ કે તેનાથી વધુ પૈડાવાળા ભારદારી વાહનો તેમજ લકઝરી બસો શહેરમાં અવર –જવર કરવા ઉપર સવાર કલાક ૦૭:૦૦ થી ૨૧:૦૦ સુધી પ્રવેશબંધી અંગે પ્રાથમીક જાહેરનામા ક્રમાક: જી/સીપી/ડીસીપી-ટ્રાફિક/જાવક/ભારદારી વાહન રીવાઈઝ પ્રાથમીક જાહેરનામુ/૮૬૭/૧૯ તા.૨૭/૦૨/૧૯ થી પ્રસિધ્ધ કરવામા આવેલ. જેમા દિન ૩૦ ની અંદર વાંધા અરજીઓ મંગાવામા આવેલ જેમા અલગ અલગ ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા વાંધા અરજીઓ આવેલ છે. જે વાંધા અરજીઓ વંચાણે લેતા બપોર સમય એટલે કે કલાક.૧૩:૦૦ થી ૧૬:૦૦ સુધી તમામ ભારદારી વાહનોને મુક્તિ આપવાનો નિર્ણય લેવામા આવે છે. જેમા (૧) ગોલ્ડન બ્રિજ (૨) આજવા બ્રિજ (૩) વાઘોડીયા બ્રિજ (૪) કપુરાઈ બ્રિજ (૫) તરસાલી બ્રિજ (૬) જામ્બુવા બ્રિજ (૭) ગોત્રી ચેક પો.સ્ટે (૮) ઉંડેરા સર્કલ (૯) છાણી જકાતનાકા સર્કલ (૧૦) દુમાડ બ્રિજ (૧૧) દેણા ચોકડીથી પ્રવેશ કરતા વાહનો તેમજ રીંગ રોડ ફરતે એટલે કે માણેકપાર્ક સર્કલથી ન્યુ વી.આઈ.પી રોડ,ખોડીયારનગર ચાર રસ્તા,સરદાર એસ્ટેટ ચાર રસ્તા,વૃન્દાવન ચાર રસ્તા, પરીવાર ચાર રસ્તા, સોમા તળાવ ચાર રસ્તાથી સોમા તળાવ રેલ્વે ઓવર બ્રીજ, બંસલમોલ, તરસાલી શાક માર્કેટ ત્રણ રસ્તા,સુશન રીંગ રોડ, સુશન સર્કલ, જયુપીટર ચાર રસ્તા, વડસર રોડ, વડસર રેલ્વે ઓવર બ્રિજ, બી.આર.જી સર્કલ (ખિસકોલી) અટલાદરા સ્વામી નારાયણ મંદિર થઈ પ્રમુખ સ્વામી હોસ્પીટલ રેલ્વે ફાટક, ગોકુલેશ એપાર્ટમેન્ટ ત્રણ રસ્તા, સન ફાર્મા રોડ,મકરંદ દેસાઈ રોડ, જે.પી.રોડ પોલીસ સ્ટેશન ચાર રસ્તા, રાણેશ્વર ચાર રસ્તા, હરીનગર બ્રિજ નીચે થઈ રાજેશ ટાવર રોડ, ઝાંસી કી રાણી સર્કલ, સુરેશ ભજીયા હાઉસ ચાર રસ્તા, આકાંક્ષા ડુપ્લેક્ષ ત્રણ રસ્તા, ગોરવા દશામાં મંદિર, સર્વેશ્વર ફ્લેટ, બાપુની દરગાહ, ગોરવા આઈ.ટી.આઈ ચાર રસ્તા, ગોરવા મધુનગર ચાર રસ્તા, નવાયાર્ડ બ્રિજ ઉપર, પરમપુરી સર્કલ,ફી નિક છાત્રાલય સર્કલ, અભિલાષા ચાર રસ્તા,ચાણક્યપુરી ચાર રસ્તા, સમા, જલારામ મંદિર, સમા ટી પોઈન્ટ, ઉર્મી બ્રિજ, અમિતનગર સર્કલ સુધીના માર્ગ ઉપર (રીંગ રોડ) તેમજ વડોદરા શહેરના અંદરના વિસ્તારમાં આવતા તમામ ભારદારી વાહનો જેવા કે ટ્રક,ટેન્કર,ટ્રેલર,વિગેરે તથા છ કે તેનાથી વધુ પૈડાવાળા ભારદારી વાહનો તેમજ લકઝરી બસોને કલાક ૦૭:૦૦ થી ૧૩:૦૦ સુધી અને કલાક ૧૬:૦૦ થી ૨૧:૦૦ સુધી પ્રવેશબંધી કરી શહેર વિસ્તારમાં ટ્રાફિક નિયમનની સરળતા જળવાઈ રહે અને આમ જનતાને અગવડ ન પડે તે હેતુસર આ જાહેરનામું પ્રસિધ્ધ કરવામા આવે છે.

## <u>અપવાદ</u>

જાહેરનામાં માંથી નીચે મુજબના વાહનોને મુક્તિ આપવામા આવે છે. પરંતુ મુક્તિ આપેલ આ તમામ વાહનોએ તેઓના વાહનની શહેર વિસ્તારમાં ૩૦ કિ.મી રાખવાની રહેશે. એરહોર્ન-ડાર્ક ફિલ્મ વિનાના,વાહનની આગળ પાછળ અને સાઈડમાં નિયમાનુસાર રીફ્લેકટીવ ટેપ લગાવેલ તેમજ અકસ્માત પ્રસંગે આ વાહનો નીચે ટુ વ્હીલર કે તેના વાહન ચાલકે રાહદારી ઘુસી જતાં અટકાવવા નક્કી થયેલ FUPD,SUPD,RUPD, (Front/ Sidear/Rear Under Run Protective Device) ફિટ કરેલ હોવુ જોઈએ અને રોડ સાઈડ ઉપર પાર્ક કરી શકશે નહી તેમજ છુટછાટ દરમ્યાન શહેરના માર્ગો ઉપર કોઈપણ સંજોગોમાં માલ વાહક વાહન કે પેસેન્જર વાહન પાર્ક કરી શકશે નહી કે માલ ચડાવી/ઉતરાવી શકશે નહી. આ આદેશનું ઉલ્લંઘન કરવામાં આવશે તો જાહેરનામાંનો ભંગ ગણાશે.

(૧) તમામ કોલેજ અને સ્કુલમાં કામ કરતા કર્મચારીઓ અને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાતી કોલેજ તથા સ્કુલની માલીકોની બસોને
(૨) લગ્ન તેમજ મરણ પ્રસંગે જવા આવવા ઉપયોગમાં લેવાતા પેસેન્જર વાહનો.
(૩) વડોદરા શહેરની એસ.ટી બસો, વડોદરા શહેર સિટીબસ તથા વિનાયકની બસો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ તથા સરકારી વાહનો
(૪) દરજીપુરા, આર.ટી.ઓ કચેરીના [illegible] માટે જતાં નવીન વાહનોને મુક્તિ આપવામાં આવે છે.
(૫) લાઈટ મોટર વ્હીકલ (હલકું મોટર વાહન) એટલે કે, ટ્રાન્સપોર્ટ વાહન કે જેનું કુલ વજન (Gross Vehicle Weight ) ૭૫૦૦ કિ.ગ્રા સુધીનું વજન હોય (આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ બુકમાં જણાવેલ હોય છે) તેવા તમામ લાઈટ ગુડ્સ વ્હીકલ(LGV પ્રકારના વાહનો) તથા તમામ લાઈટ પેસેન્જર વ્હીકલ (LPV પ્રકારના વાહનો) શહેરની અંદર પ્રવેશ કરી શકશે. તે સિવાયના ગુડ્સ વ્હીકલ/પેસેન્જર વ્હીકલ તેમજ ટ્રેક્ટર-ટ્રોલી ની શહેરમાં અવર-જવર કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.
(૬) વડોદરા શહેર માં પ્રવેશ કરતા પેસેન્જર વાહનો /મીની બસ કે જેની સીટીંગ કેપેસીટી કુલ-૩૦ સુધીની હોય તેવી ક્ષમતા વાળા પેસેન્જર વાહનો ( આ બાબતની નોંધ રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ બુકમાં જણાવેલ હોય છે) વડોદરા શહેરની અંદર પ્રવેશ કરી શકશે. ( સ્લીપીંગ અંગેની સુવિધા સિવાયના)
(૭) ૩૦ પેસેન્જર થી વધુ ક્ષમતાવાળા તમામ પ્રકારના પેસેન્જર વાહનોને શહેરમાં અવર-જવર કરવા ઉપર સવાર કલાક ૦૭:૦૦ થી ૧૩:૦૦ સુધી તેમજ કલાક ૧૬:૦૦ થી ૨૧:૦૦ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.
(૮) આ જાહેરનામામાં આવશ્યક ચીજ વસ્તુઓ જેવી કે, ફુટ, દુધ, શાકભાજી, પેટ્રોલ-ડીઝલ, CNG,LPG નું વિતરણ /વેચાણ કરતા વાહનોને છુટછાટ આપવામાં આવે છે.

આ સિવાય પ્રતિબંધ ફરમાવવામાં આવેલ તેવા તમામ વાહનો કે જેઓને આકસ્મીક સંજોગોમાં તેમજ વડોદરા શહેરમાં ચાલતા વિકાસના કામો કે સરકારી કામો કે ખાનગી કામો, વાહનની પ્રવેશ ની આવશ્યકતા જણાય ત્યારે પોલીસ કમિશ્નરશ્રી,વડોદરા શહેરની મંજુરીથી રૂટ અને સમય આપવામાં આવે તે મુજબ શહેરમાં આવ-જા કરી શકશે. આ અંગેની પરવાનગી અલગ થી મેળવવાની રહેશે.

આ સિવાય પ્રતિબંધીત ફરમાવવામાં આવેલ છે તેવા તમામ વાહનો કે જેઓના માલીક પાસે વાહન ઉભુ રાખવા માટે પાર્કિંગની વ્યવસ્થા હોય તેવા માલીકો આવા વાહનો પાર્કિંગ પ્લોટ સુધી કલાક ૧૩:૦૦ થી ૧૬:૦૦ દરમ્યાન અવર-જવર કરી શકશે. પરંતુ પાર્કિંગ અંગે વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે બાબતેના [illegible] પ્રમાણપત્ર સાથે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક, વડોદરા શહેરની કચેરીએ જરૂરી આધાર પુરાવા આપ્યા બાદ મંજુરી અંગે વિચારણા કરવામાં આવશે તેમજ મંજુરી પત્રમાં જણાવેલ શરતો રૂટ મુજબ આવર જવર કરી શકશે. આ અંગેની પરવાનગી માટેની અરજી અલગ આધારિત પુરાવા સાથે નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફિક, વડોદરા શહેરની કચેરીએ કરવાની રહેશે.

આ જાહેરનામાં આદેશનું ઉલ્લંઘન કરનાર ઇસમ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ રોજ તા.૨૭/૦૩/૨૦૧૯ ના રોજ મારી સહી કરી સિક્કો કરેલ છે.

AGTTA
DT. 30-04-2019
File No. : 20

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,
(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે ઇન્ચાર્જશ્રીઓ,
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ,
(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઇન્ચાર્જશ્રી (જાણ તથા વર્તમાન પત્રો,મીડીયા દ્વારા પ્રસિધ્ધી કરવા સારૂ)
(૪) વડોદરા શહેર પોલીસ ના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ